**એગ્રીકલ્ચર કોલેજ**

**નવસારી કૃષિ યુનિવર્સિટી,મકતમપુર–ભરૂચ**

ફોન નં.૦૨૬૪૨–૨૪૬૧૫૨/૨૪૫૧૫૨

| | | |
|---|---|---|
| ડો. કે. જી.પટેલ, આચાર્ય | Email:- princoab@nau.in | મો.નં. ૯૬૦૧૨૮૩૩૯૦ |


| | |
|---|---|
| જા.નં.ન.કૃ.યુ./એકોભ /ટે–૩ /શૈ.પ્રવાસ/ ૨૩૭૩ /૧૫ | તારીખઃ– ૧૮ /૦૬ /૨૦૧૫ |

# <u>શૈક્ષણિક પ્રવાસ માટે બસ ભાડે લેવા માટેની જાહેરાત</u>

કાલેજ ઓફ એગ્રીકલ્ચર,ભરૂચ ખાતે અભ્યાસ કરતાં વિધાર્થીઓનાં અભ્યાસનાં ભાગરૂપે રાવે/કલ્ચરલ/રમત–ગમત/ શૈક્ષણિક પ્રવાસ પ્રોગ્રામ માં નવસારી/આણંદ/સ.કૃ.યુ.નગર/જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનાં સંશોધન કેન્દ્રની મુલાકત માટે (૨,૩,૪,૫, અને ૧૦ દિવસ) જવા–આવવા માટે તેમજ દિન–૧૦ ગુજરાત રાજય બહારનાં બે રાજયોમાં શૈક્ષણિક પ્રવાસ માટે ભાડે થી બસ રોકવાનાં ભાવો તા.૩૦/૦૬/૧૫ પહેલા www.nau.in વેબસાઈડ માં મુકેલ શરતોને આધિન સિલબંધ કવરમાં મોકલવા જણાવવામાં આવે છે.

આચાર્ય

**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**કોલેજ ઓફ એગ્રીકલ્ચર, ભરૂચ– ૩૯૨ ૦૧૨**

## –:: ખાનગી ટ્રાવેલ્સની ભાડાની બસ માટેની શરતો ::–

1. કોલેજ ઓફ એગ્રીકલ્ચર (ડીગ્રી) અને પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર માં અભ્યાસ કરતાં વિધાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ/ફિલ્ડ ટ્રીપ/ રમત–ગમત/કલ્ચરલ/રાવે પ્રોગ્રામ વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન કરવાનો રહેશે.
2. ડીગ્રી અને પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર વિધાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ/ફિલ્ડ ટ્રીપ/ રમત–ગમત/કલ્ચરલ પ્રોગ્રામ નકિક થયે અગાઉ થી જણાવેલ તારીખે સવારના ૫.૦૦ કલાકે/ જેતે દિવસે જણાવેલ સમયે બસ લઈ સ્થળ પર હાજર થઈ જવાનું રહેશે.
3. શૈક્ષણિક પ્રવાસ કાર્યક્રમમાં ફેરફાર કરવાની સત્તા આચાર્યશ્રી સાથે પરામર્શ કર્યા બાદ ટુર લીડરને રહેશે.
4. જરૂર જણાય ત્યાં રાત્રી દરમ્યાન પ્રવાસ કરવાનો રહેશે/ તથા રાત્રિ રોકાણ પણ કરવાનું રહેશે
5. મુસાફરી દરમ્યાન મુશ્કેલી ન પડે તે માટે ૨૦૧૪ નું લેટેસ્ટ મોડેલ સારામાં સારી કંડીશનવાળી,એસી/નોન એસી ૩૫/૬૦ સીટર ૨ × ૨ પુશબેક બસની વ્યવસ્થા કરવાની રહેશે. ગુજરાત તથા અન્ય રાજયોના રસ્તાના જાણકાર અને અનુભવી બસ ડ્રાયવર બેઝ લાયસન્સ ધરાવતા એક ડ્રાયવર અને એક કલીનર સાથે ફાળવવાના રહેશે.
6. મુસાફરી દરમ્યાન બસ બગડી જાય તો તાત્કાલીક આપના ખર્ચે રીપેરીંગ/રીપ્લેસ કરી આગળનો પ્રવાસ પૂર્ણ કર)વવાનો રહેશે.
7. ડ્રાયવર–કલીનરને અમારી સંસ્થા તરફથી જમવા કે અન્ય કોઈ ખર્ચ કે વ્યવસ્થા આપવામાં આવશે નહી.
8. આ પ્રવાસમાં લગેજ ઢાંકવા માટે તાડપત્રી અથવા લગેજ બગડે નહી તેની વ્યવસ્થા ટ્રાવેલ એજન્ટે કરવાની રહેશે.
9. તમામ શરતો માન્ય હશે તો પ્રથમ ૫૦% નાણાં એડવાન્સ આપવામાં આવશે ત્યારપછી પ્રવાસ દરમ્યાન વચ્ચે ૨૫% નાણાં ટ્રાવેલ કંપની સાથે પરામર્શ કર્યા બાદ અને બાકી ૨૫% નાણાં પ્રવાસ પૂર્ણ થયેથી ચૂકવવામાં આવશે.
10. સમગ્ર પ્રવાસ દરમ્યાન ગાડી પાર્કીંગ, રોડ ટેક્ષ, ટોલ ટેક્ષ, પુલ ટેક્ષ, સર્વિસ ટેક્ષ, એન્ટ્રી ટેક્ષ, પોલીસ એન્ટ્રી, પર્મીટ ચાર્જ, બળતણ ખર્ચ, રીપેરીંગ ખર્ચ, ટ્રાવેલ કંપનીએ નિભાવવાના રહેશે.
11. પ્રવાસ દરમ્યાન વિધાર્થીઓ અને તેમની સાથે જોડાનાર કર્મચારીઓનું લીસ્ટ આર.ટી.ઓ.પાસે જે તે ટ્રાવેર્લ્સ કંપનીએ પોતાના ખર્ચે પાસ કરાવવાનું રહેશે.
12. સદરહુ ગુજરાત રાજયનો ૨૦ દિવસનો અને રાજય બહારનો ૧૦ દિવસનો મળી અંદાજે ૩૦ દિવસનો શૈક્ષણિક પ્રવાસમાં ૭૦૦૦ થી ૮૦૦૦ કિ.મી. અંતર આચાર્યશ્રીના પ્રવાસના પ્રોગ્રામ મુજબ થવાની શકયતા છે.
13. નાણાંની ચૂકવણી ખરેખર પ્રવાસ થયેલ કિ.મી. પ્રમાણે જ ચૂકવવામાં આવશે. કોઈપણ સંજોગોમાં પ્રવાસના કિ.મી. થી વધુ નાણાં ચૂકવવામાં આવશે નહિ. કિ.મી. ની ગણતરી ભરૂચ ખેતીવાડી મહાવિદ્યાલયથી બસ ઉપડે ત્યારથી પરત બસ ભરૂચ ખેતીવાડી મહાવિદ્યાલય પહોંચે ત્યાં સુધીની જ કરવામાં આવશે.
14. બીલની કુલ રકમમાંથી ટી.ડી.એસ ૨.૨૪% પ્રમાણે અથવા જેતે સમયના નિયમોનુસાર કાપવામાં આવશે.
15. પ્રવાસની શરૂઆત કરતાં પહેલાં જે તે બસની આર.સી.બુક, ઈન્સ્યોરન્સ લેટર, પી.યુ.સી. ની કોપી, વાહન ચાલકના ડ્રાઈવીંગ લાઈસન્સની કોપી તથા બેઝ નંબરની વિગત કચેરીમાં રજૂ કરવાની રહેશે.
16. બસમાં ટી.વી., ડીવીડી પ્લેયર ચાલુ હાલતમાં હોવું જરૂરી છે.
17. વાહન ચાલકનો વ્યવહાર ટુર લીડર તથા વિધાર્થી સાથે સુમેળભર્યો હોવો જરૂરી છે.
18. વાહન ચાલક તથા કલીનર કોઈપણ જાતના માદક દ્રવ્યોના વ્યસનથી મુકત હોવા જરૂરી છે.
19. સીટની કન્ડીશન તેમજ બારીના પડદા સારી હાલતમાં હોવી જરૂરી છે.
20. જે બસ મુસાફરી માટે ભાડે આપવાની થાય તેનું ફીઝીકલ વેરીફીકેશન કરાવવું જરૂરી છે.
21. જે તે બસનું ફીટનેશ સર્ટીફીકેટ હોવું જરૂરી છે.
22. ફાયર સેફટી સાધન તથા ફર્સ્ટ એડ બોક્ષ બસમાં હોવા જરૂરી છે.
23. કોઈપણ પ્રકારના મતભેદો / તકરારના નિવારણ માટે ભરૂચની જુડીશીયલની હદ માન્ય રાખવાની રહેશે.
24. આપશ્રીએ સ્વખર્ચે રૂા. ૧૦૦/– ના "ભારતીય નોન જુડીશીયલ સ્ટેમ્પ પેપર" ઉપર ઉપરોકત તમામ શરતો માન્ય અને કબૂલ છે તેમ દર્શાવતું કરારનામું કચેરીમાં રજૂ કરવાનું રહેશે.

સંપર્ક નંબર : કચેરી : (૦૨૬૪૨– ૨૪૫૧૫૨, ૨૪૬૧૫૨)

**આચાર્ય**
**કોલેજ ઓફ એગ્રીકલ્ચર**
**ન.કૃ.યુ. ભરૂચ –૩૯૨ ૦૧૨**